


# VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

# PROSPECTUS

## ONLINE ADMISSION FOR B. R. S.

## (2018-2019)

# અનુક્રમણિકા

# INDEX

| ક્રમ. | વિગત | પાના નંબર |
|---|---|---|
| 1 | પ્રવેશ યોગ્યતા<br>Eligibility for Admission | ૯ |
| 2 | ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરવા અંગેની સૂચનાઓ<br>Instruction for filling Online Admission Form | ૧૦ |
| 3 | અનામત બેઠકો અંગેની માહિતી<br>Information regarding Reserved Seats | ૧૨ |
| 4 | પ્રવેશ પ્રક્રિયા અંગેનો (કામચલાઉ) કાર્યક્રમ<br>(Provisional) Programme for Admission Process | ૧૩ |
| 5 | બી.આર.એસ. કુલ બેઠકો અંગેની માહિતી<br>Information Regarding Total Seats For B.R.S. | ૧૪ |
| 6 | હેલ્પ સેન્ટર ધરાવતી યુનિવર્સિટી સંલગ્ન તમામ બી.આર.એસ.કૉલેજોની યાદી<br>Information regarding in Colleges affiliated to V.N.S.G.U. offering B.R.S. Programme | ૧૫ |
| 7 | ફી માળખું<br>Fee Structure | ૧૬ |
| 8 | ફી પરત કરવા અંગેના નિયમો<br>Rules regarding Refund of Fees | ૧૭ |
| 9 | હેલ્પ સેન્ટર ધરાવતી યુનિવર્સિટી સંલગ્ન તમામ બી.આર.એસ.પ્રોગ્રામ ધરાવતી કૉલેજોની યાદી<br>List of of college affiliated to V.N.S.G.U. offering B.R.S. (Bachelor of Rural Studies) Programme recognised as Help Centres | ૧૮ |

# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પરિચય



The vision of Veer Narmad South Gujarat University, as envisaged in the University Act, is to contribute to the field of higher education in the region and enable its inclusive development in all walks of life by making available trained personnel in various branches of human knowledge, keeping in mind the larger goals of nation-building. The University is committed to maintain high standards in both undergraduate and postgraduate teaching, promoting research and undertaking the requisite extension activities that would reach out to every section of society.

Veer Narmad South Gujarat University has endeavoured to be an institution of excellence in higher education since its existence, keeping in view the regional needs and the emerging trends in the global scenario. A semi–urban University located at Surat city, the University has a campus spread over 210 acres. The University, reaccredited 'A' grade in the third cycle by the National Accreditation and Assessment Council in 2017. The university was originally established under the South Gujarat University Act, 1965 passed by the Gujarat State Legislative Assembly. It became functional from the academic year of 1966 and was incorporated as a University on 23rd May, 1967. Recognized by the University Grants Commission in 1968, it was renamed as Veer Narmad South Gujarat University in 2004 after the great Gujarati poet Narmad, Narmadshankar Lalshankar Dave. The mandate of the University is to meet the developmental needs of the seven districts and two Union Territory in the region and attempts at realizing their potential in every walk of life ranging from technology, business, industry and commerce to language, culture, and fine arts. The basic objectives of the University as envisaged by the University Act are:

- Undergraduate and Post-graduate teaching, maintaining their high standards, and award of degrees to the candidates successful in their respective examinations.
- Promotion of research and extension activities relevant to the requirements of the region in accordance with the interests of nation building.

**Departments and Colleges**

The University's jurisdiction extends to the seven districts of Surat, Navsari, Valsad, Narmada, Dangs, Bharuch and Tapi and the Union Territory of Daman and Dadra and Nagar Haveli. There are 23 Post Graduate Departments and 02 Institutes/Centers on the University campus that offers 95 programmes with multiple specializations including 19 M.Phil and 19 Ph.D. programmes. The University has 29 Government, 60 Grant-in-aid and 184 Self-financed Colleges and 100 Post-graduate Teaching Centres attached to affiliated colleges. The University offers 36 Post Graduate, 4 Graduate, 3 Integrated and 9 PG Diploma and 05 Certificate programmes including self-financed programmes with semester credit based system at University campus. In its Post Graduate Departments, more than 4000 students are studying on the campus. The University has twelve faculties such as Arts, Commerce, Science, Education, Management Studies, Rural Studies, Engineering and Technology, Medicine, Law, Computer Science, Homoeopathic and Architecture. In pursuance of its vision, the University offers an academic environment conducive for the integral development of its students. All the departments emphasize interdisciplinary areas of study that can open up possibilities in new fields of research. Several major and minor research projects are underway in various departments. There are over two-lakh students currently enrolled in various

courses in the University including affiliated colleges.

Campus Profile: Infrastructural and Academic Avenues

The University campus is spread over in 210 Acres of land. The campus houses more than 100 buildings. The infrastructure of the University is being continuously augmented to serve its students and faculty effectively. Following amenities and student centric centers are available on university campus.

- University Central Library with over 1.97 lakh books, 779 journals, 650 e-books, 39 e-journals and 5000
- UGC Infonet online titles.
- Acharya Mahapragya Corner, Pujya Mota Sahitya Corner & Geeta Press Gorakhpur Corner located in the Central Library - good collection of volumes on non-violence and spiritual values.
- Journals in the areas of Management & Administration, Humanities & Social Sciences, Science & Technology and Law
- Publication of a fortnightly University Newsletter -"Dakshinayan"
- Research Repository Centre
- Shri B. V. Botanical Research Centre
- University Scientific Instrumentation Centre (USIC)
- Sophisticated Science Instrument Centre (SSIC)
- Women's Study Center
- IBM Excellence Center
- Departments with SAP-UGC
- Smt. Kashiben Ramkishan Mundra Sanskar Kendra
- Lala Lajpat Rai Chintan Kendra
- Punjabi Samaj
- Shri P P Savani Vachan Kendra
- Smt. Shantaben Nanubhai Vidiya Swami Vivekanand Sadhana Kendra
- Smt. Laxmiben Premjibhai Savani Saraswati Sadhana Kendra
- M. L. Kakadiya I.A.S.-I.P.S. and Competitive Exam Training Centre
- Health Centre with Ambulance facility
- Ramchandra Tulsian Art Gallery
- Shrimad Rajchandra Prarthana Hall
- Baba Saheb Ambedkar Open University Regional Centre
- Replica of Narmad House
- Boys and Girls Hostels
- Guest Houses
- Convention Hall
- Dining Hall
- Amphitheatres
- Seminar Halls
- Information Centre & Help Desk
- Toll Free Number
- Placement Cells
- Grievance Redressal Cell
- Women Development Cell
- Anti Ragging Cell
- Internal Quality Assurance Cell
- Career Counseling Cell
- Psychological Guidance Cell
- Staff Quarters
- Day Care Centre
- Bank with ATMs
- Post Office
- Employment Bureau
- Canteen
- Suvidha Kendra
- Cricket Stadium
- Indoor Stadium
- Gymnasium
- Track & Field
- Basket Ball Court
- Optical Fiber Network
- Wi-Fi Zones
- Informative Website
- VNSGU Android App
- State of Art Computing Facility
- E-Resources
- Nakshatra Van
- Gardens
- Ponds
- Bus Transportation
- Facilities for Differently Abled
- General Sanitation & Drinking
- Water facilities
- Copier Facility
- CCTV Surveillance

The University is committed to the ideal of excellence of the highest order, as evidenced by its constant revision of existing syllabi and continuous addition of new courses. It aims at optimal use of all its resources in creating a knowledge society, where rigorous scholarship and high ethical standards are blended to meet the challenges of the 21st century India.

# યુનિવર્સિટી ગીત

ધન્ય ધન્ય ધરતી લીલી મંગલ દક્ષિણ ગુજરાત,
સ્થાપિત વિદ્યાપીઠ અમારી રમ્ય અને રળિયાત.

તાપી, પૂર્ણા, સરિતા, નર્મદા, અમ્બિકા, કાવેરી,
લાટસદાએ લીલોછમ નદીઓના પટકૂળ પ્હેરી,
પશ્ચિમે રત્નાકર કેરી ઘૂઘવે તરંગમાળ,
કુદરતની છેમ્હેર કે ભૂમિ બારે માસ રસાળ.

સરળ પ્રકૃત્તિના સૌ લોકો આનંદી,અભિજાત...
ધન્ય ધન્ય ધરતી લીલી મંગલ દક્ષિણ ગુજરાત...

ભૃગુઋષિની પુણ્યભૂમિ છે, ભૃગુકચ્છ મશહુર,
ચોર્યાસી બંદરના ધ્વજથી, સુરત સૌમ્ય-ભરપુર,
રામઅને શબરીને પગલે, ધન્ય ડાંગની ધરતી,
કોલક, કીમ, મીંઢોળા નદીઓ, નિશદિન કલકલ કરતી.

સાત સમંદર પાર અહીંની પ્રજા ઘણી પ્રખ્યાત,
ધન્યધન્ય ધરતી લીલી મંગલ દક્ષિણ ગુજરાત...

રાનીપરજ ને કાળી પરજના ભાગીગળ સંચાર,
આદિવાસી-વનવાસીઓના ઉત્સવમય વ્યવહાર.
અહીંબંદરો ધમધમતાં, ઉદ્યોગો ધમધોકાર,
કલા-કસબનેભ્રાતૃભાવના અહીંઉત્તમ સંસ્કાર.

અર્વાચીન સમયનુંઉગ્યુંઅહીંપહેલુંપરભાત...
ધન્ય ધન્ય ધરતી લીલી મંગલ દક્ષિણ ગુજરાત...

નમકલઇ દાંડીમાંગાંધીએ ફેંક્યો પડકાર,
બારડોલીના સત્યાગ્રહથી પંકાયા સરદાર.
કવિ નર્મદની કલમે પ્રગટયુંગરવુંગુર્જરી-ગીત,
મુનશીજીએ સદા શીખવી અસ્મિતા શુંપ્રીત.

સ્વતંત્રતાનોદાદએ અહીંશંખ ફૂંક્યો સાક્ષાત્,
ધન્ય ધન્ય ધરતી લીલી મંગલ દક્ષિણ ગુજરાત...

દક્ષિણ ગુર્જર ક્ષેત્રન વિદ્યાપીઠ અમારી માતા,
સત્ય, જ્ઞાન ને અનંતની એ છે ઉજ્જવલ ઉદ્ગાતા.
એનાં ગૌરવ, વિકાસ પ્રગતિ અમને પ્રાણથી વહાલાં,
એને કંઠે પહેરાવીશુ સિદ્ધિની જયમાલા.

વિદ્યાને ચરણે ધરીએ નિષ્ઠાનાં પારિજાત,
ધન્ય ધન્ય ધરતી લીલી મંગલ દક્ષિણ ગુજરાત,
સ્થાપિત વિદ્યાપીઠ અમારી રમ્ય અને રળિયાત.

- શ્રી ભગવતીકુમાર શર્મા

# શુભેચ્છા સંદેશ



આપ સૌ હાયર સેકન્ડરીની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ આજે ઉચ્ચ શિક્ષણના પ્રથમ પગથિયે પગ માંડી રહયા છો. શાળાના વર્ગખંડમાંથી નીકળી આપ સૌ સ્નાતક કક્ષાના પ્રથમ વર્ષમાં પ્રવેશ માટે થનગની રહયા છો એ થનગનાટને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત તથા સંલગ્ન કોલેજ આપને આવકારવા આતુર છે.

શિક્ષણ અને ખાસ કરીને ઉચ્ચશિક્ષણ એ મનુષ્યના વધુ સભ્ય બનવાના પ્રયત્નોનો અંતર્ગત ભાગ છે અને તેથી ધ્યેયો સિધ્ધ કરવા માટેનું સાધન ઉપરાંત તે પોતે જ એક ધ્યેય બની જાય છે. તેથી લોકશાહી અને માનવતાની દ્રષ્ટિએ એમ કહી શકાય કે દરેકને તેની ક્ષમતા અનુસાર દરેક સ્થળે અને કોઈપણ ઉંમરે બધા પ્રકારના અને સ્તરના શિક્ષણની સુવિધા પૂરી પાડવી જોઈએ. માત્ર જેઓ તેનો ઉત્તમ ઉપયોગ કરી શકે તેમને જ નહીં, પરંતુ જેઓ તેનો કંઈક પણ ઉપયોગ કરી શકે તેવી હોય તેમને પણ એ તક મળવી જોઈએ.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત તેના વિસ્તારના વિદ્યાર્થીઓને ઉચ્ચશિક્ષણ મળી રહે તે માટે સતત પ્રયત્નશીલ અને પરિવર્તનશીલ પણ છે. આ ઉમદા પ્રયાસના ભાગરૂપે યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના વિવિધ અભ્યાસક્રમોના પ્રથમ વર્ષમાં પ્રવેશ સુચારુ રીતે અને સરળતાથી મળી રહે તે માટે સમયબધ્ધ આયોજન યુનિવર્સિટીએ કર્યું છે. આપણો આ વિસ્તાર  શિક્ષણક્ષેત્રે વધુ પ્રગતિશીલ બની રહે અને શ્રેષ્ઠ ભાવિ નાગરિકો તૈયાર કરે તે માટે વિદ્યાર્થીઓને સરળતાથી પ્રવેશ પ્રાપ્ત થાય તે માટે આપણી યુનિવર્સિટી હંમેશાં સતત પ્રયત્નશીલ છે. આ વર્ષે પણ આપણે સંલગ્ન કોલેજોના વિવિધ અભ્યાસક્રમોના પ્રથમ વર્ષમાં વિદ્યાર્થીઓને પ્રવેશ મળે તે માટે ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાને વધુ સરળ બનાવી છે.

ચાલુ શૈક્ષણિક વર્ષે પણ સ્નાતક કક્ષાએ પ્રવેશની કામગીરી ઓનલાઈન તથા શ્રેષ્ઠતા અને ગુણવત્તાના ધોરણે પારદર્શક રીતે નિર્ધારિત સમયમાં પૂર્ણ થાય અને યુનિવર્સિટીના નિર્ધારિત સમયમાં શૈક્ષણિક કાર્યનો પ્રારંભ થાય તેવી કાર્યપ્રણાલિનો અમલ શરૂ કરવામાં આવ્યો છે.જેનો લાભ આપ સૌને અવશ્ય મળશે.

**कठोपनिषद्** કહે છેઃ

**।।उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत।।**

**क्षुरस्य धारा निशिता दुरत्यया दुर्गं पथस्तत्कवयो वदन्ति।**

)**अर्थात** (हे मनुष्यो) उठो, जागो (सचेत हो जाओ) × श्रेष्ठ (ज्ञानी) पुरूषो को प्राप्त (उनके पास जा) करके ज्ञान प्राप्त करो × त्रिकालदर्शी (ज्ञानी पुरूष) उस पथ (तत्वज्ञान के मार्ग) को छुरे की तीक्ष्ण (लाधने मे कठिन) धारा के (के स1श) दुर्गम (धोर कठिन) कहते है ×)

આપણી યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના વિવિધ અભ્યાસક્રમોના પ્રથમ વર્ષની ઓનલાઈન પ્રવેશની કામગીરી સાથે સંકળાયેલા સૌ કોઈને હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.

ઉચ્ચશિક્ષણના નવીન અભ્યાસક્રમ, નવીન વાતાવરણ અને નવીન ગ્રંથો તથા ગુરુઓના સંપર્કમાં આવવા માટે આપ સૌને આશીર્વાદ. આપ સૌ પોતાની તેજસ્વી કારકિર્દી માટે હંમેશાં સજાગ રહો અને એક ઉત્તમ સંસ્કારી નાગરિક બની રહો તેવી શુભેચ્છાઓ.

(ડો. શિવેન્દ્ર ગુપ્તા)
કુલપતિશ્રી

# શુભેચ્છા સંદેશ



પ્રાચીન ભારતમાં શિક્ષણને અંર્તજયોતિ અને શકિતનો સ્ત્રોત માનવામાં આવતું હતું. જે શારીરિક, માનસિક, બૌધ્ધિક અને આત્મિક શકિતઓના સંતુલિત વિકાસ ધ્વારા આપણા સ્વભાવમાં પરિવર્તન કરે છે અને તેને શ્રેષ્ઠ બનાવે છે. આ રીતે શિક્ષણ આપણને સમાજમાં એક વિનીત અને ઉપયોગી નાગરિક તરીકે રહી શકીએ એને યોગ્ય બનાવે છે. એ અપ્રત્યક્ષ રીતે આપણને ઈહલોક અને પરલોક–બંનેમાં આત્મિક વિકાસમાં સહાયતા કરે છે.

શાળાના અભ્યાસક્રમ બાદ આપ સૌ ઉચ્ચશિક્ષણ તરફ ડગ માંડી રહયા છો. આ એક નવીન અનુભવ હશે જે આપની જિંદગીને નવો જ માર્ગ પ્રશસ્ત કરશે. શાળાના અભ્યાસક્રમો કરતાં તદ્દન નવીન દિશા તરફનો આ માર્ગ આપને આપની જિંદગીની મંઝિલ નિર્ધારિત કરવા માટે દિશાસૂચન કરશે. એક નવી હરિફાઈ અને વિષયમાં નિષ્ણાત બનીને સર્વાંગી વ્યકિતત્વ પ્રાપ્ત કરવાનો આ માર્ગ સરળ તો નહિ જ હોય પણ તેમાં આપ સફળ થશો જ તેવી અભિલાષા રાખું છું.

શિક્ષણ જીવનનો સંસ્કાર છે. સોળ સંસ્કારમાં ભલે તેની ગણના ન કરવામાં આવી હોય, પરંતુ જીવનને સંસ્કારી બનાવવામાં તેની મુખ્ય ભૂમિકા છે. કઠોર સંયમ અને કઠોર શ્રમ ધ્વારા અર્જિત શિક્ષણ વ્યકિતત્વને સર્વાંગીરૂપમાં શોભાવે છે. આપ સૌ વિદ્યાર્થી મિત્રો, સ્નાતકકક્ષાના પ્રથમ વર્ષમાં કઠોર શ્રમ અને અર્જિત શિક્ષણ ધ્વારા શ્રેષ્ઠ કારકિર્દીનું ઘડતર કરો અને શ્રેષ્ઠ નાગરિક બની રહો તેવી શુભેચ્છાઓ પાઠવું છું.

ઓનલાઈન પ્રવેશ પધ્ધતિ સાથે સંકળાયેલ સૌ કોઈને પ્રવેશ કામગીરીની સફળતા માટે હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવું છું.

(ડો. ભાસ્કર રાવલ)
ઉપ–કુલપતિશ્રી

# શુભેચ્છા સંદેશ



આપણે જાણીએ છીએ કે નોકરીની જગ્યાઓ મર્યાદિત છે; એથી એમાં હરીફાઈ પણ રહેવાની. સ્પર્ધામાં સફળ થવા માટે સખત મહેનત કરવી પડે. એકધારી સખત મહેનત કરતા રહો તો યોગ્ય કામ મેળવવામાં સફળતા સાંપડે જ. વિકલ્પે તમે ઉદ્યોગ–ધંધા માટે સજજતા કેળવી શકો. એમ કરશો તો નોકરી શોધવાને બદલે તમે બીજાઓને નોકરી આપી શકશો. જોકે રોજગાર મેળવવાનાં આ બેઉ ઉપાયો માટે શિક્ષણ અનિવાર્ય છે. નોકરી મેળવવા માટે કે પછી ધંધો–રોજગાર કરવા માટે પણ શિક્ષણ તો મેળવવું જ રહયું. શિક્ષણનો હેતુ વિદ્યાર્થીઓમાં રાષ્ટ્ર–ઘડતરની ક્ષમતા વધારવાનો છે. આ ક્ષમતાઓ શિક્ષણ દ્વારા જ્ઞાન, અનુભવ અને સંસ્કૃતિના વારસામાંથી મળેલ મૂલ્ય વ્યવસ્થામાંથી મળે છે. શિક્ષણ પૂર્ણ કર્યા પછી વિદ્યાર્થીઓમાં નેતૃત્વના ગુણો ઊભા થવા જોઈએ. શિક્ષણ નિશ્ચિતરૂપે અહંકાર નહીં, વિનમ્રતાનું પ્રતીક છે. શિક્ષિત તેને જ કહી શકાય કે જે વિનમ્ર હોય અને તેનો પગ જમીન પર હોય.

શાળાનું શિક્ષણ પૂર્ણ કર્યા બાદ આપ સૌ આજે કોલેજના શિક્ષણ તરફ ગતિ કરી રહયા છો. આ ગતિ અઘરી તો છે જ પણ મુશ્કેલ નથી. ભણવા માટેની વિદ્યાર્થીની તત્પરતા સફળતા આપે છે. સ્નાતક એટલે વિદ્યાપીઠનો પદવીધર;'ગ્રેજયુએટ'.સ્નાતક એટલે જેમાં સર્વજ્ઞપણું પ્રકટયું હોય તે સ્નાતક. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના 'પદવીધર'થવા માટેના આ પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને શુભાશિષ.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન કોલેજોના પ્રથમ વર્ષમાં વિદ્યાર્થીઓને સરળતાથી અને સુગમતાથી પ્રવેશ મળે તે માટે હંમેશાં જાગ્રત અને પ્રયત્નશીલ રહી છે. જેના ફળ સ્વરૂપે યુનિવર્સિટીએ સમયને અનુરૂપ ઓનલાઈન પ્રવેશ પધ્ધતિને વિકસાવીને સચોટ અમલ કર્યો છે.ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા સાથે સંલગ્ન સૌ કોઈને અભિનંદન પાઠવું છું અને ભાવિ વિદ્યાર્થીઓને પણ હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.

(શ્રી અરવિંદ ધડૂક)
ઈ.ચા. કુલસચિવશ્રી

# પ્રવેશ યોગ્યતા

બી.આર.એસ. પ્રવેશ માટે યુનિવર્સિટી દ્વારા નિર્ધારિત કરવામાં આવેલ પ્રવેશ યોગ્યતા અંગેના નિયમો નીચે પ્રમાણે છે :

(૧) બી.આર.એસ. માં પ્રવેશ માટેની યોગ્યતા

- ગુજરાત ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ અથવા અન્ય સમકક્ષ બોર્ડ (જેવી કે સી.બી.એસ.ઇ. બોર્ડ) દ્વારા ધોરણ ૧૨ (H.S.C.) ની પરીક્ષા નીચે દર્શાવેલ વિષયો સાથે પાસ કરેલી હોવી જોઇએ.
- ધોરણ ૧૨ H.S.C.પરીક્ષામાં ૪૦% કે તેથી વધુ ટકા ધરાવનાર **કોઈ પણ પ્રવાહમાં** પાસ કરનાર વિદ્યાથીઓને પ્રવેશ મળી શકે.

# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
# બી.આર.એસ. ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરવા અંગેની સૂચનાઓ

૧. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની બી.આર.એસ. કૉલેજોમાં પ્રથમ વર્ષના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા તમામ વિદ્યાર્થીઓએ પ્રવેશ માટેની વિગત માહિતી પુસ્તિકામાં આપેલ સુચનાઓ અનુસાર યુનિવર્સિટી વેબસાઇટ www.vnsgu.ac.inઉપર જઇને પ્રથમ રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

૨. પ્રવેશ અંગેની વિગત માહિતી પુસ્તિકામાં દર્શાવ્યા મુજબ વિદ્યાર્થીએ પોતાની પ્રવેશ અંગેની લાયકાતની ચકાસણી બાદ જ પ્રવેશ ફોર્મ ભરવું.

૩. વિદ્યાર્થી દ્વારા યુનિવર્સિટી વેબસાઇટ www.vnsgu.ac.in ઉપર તારીખ ૦૭/૦૬/૨૦૧૮ સવારે ૧૧:૦૦ કલાકથી તારીખ ૨૦/૦૬/૨૦૧૮ સાંજે ૫:૦૦ કલાક સુધી ઓનલાઇન ફોર્મ ભરી શકશે.

૪. ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરવા માટે વિદ્યાર્થી પાસે મોબાઇલ નંબર તથા પોતાનું ઇ-મેઇલ આઇડી હોવું ફરજીયાત છે. પ્રથમ વિદ્યાર્થીએ ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. જેમાં વિદ્યાર્થીને તેનો એપ્લીકેશન નંબર તથા પાસવર્ડ તેના મોબાઇલ તથા ઇ-મેઇલમાં મળશે. ત્યારબાદ પ્રાપ્ત થયેલ એપ્લીકેશન નંબર તથા પાસવર્ડની મદદથી વિદ્યાર્થીએ ઓનલાઇન પ્રવેશ ફોર્મમાં માંગ્યા મુજબની તમામ વિગતો ભરવાની રહેશે. વિદ્યાર્થીએ પોતાને મળેલ પાસવર્ડ ગુપ્ત રાખવાનો રહેશે તથા તેને પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી સાચવી રાખવો ખુબ જ જરૂરી છે. વિદ્યાર્થીએ પોતાનો પાસપોર્ટ સાઇઝ ફોટો તથા આધાર કાર્ડસાથે રાખવો.

૫. દરેક બી.આર.એસ. કૉલેજોમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ માટે તે અંગેની વિગત માહિતી પુસ્તિકામાં દર્શાવેલી છે. તે મુજબ વિદ્યાર્થી કૉલેજની પસંદગી કરી શકે છે. ઓછામાં ઓછી ૦૬ (છ) કૉલેજોની પસંદગી આપવાની છે. શક્ય હોય ત્યાં સુધી વિદ્યાર્થીઓએ વધુ કૉલેજોને પસંદગી આપવી જેથી પ્રવેશ માટેનો પુરતો અવકાશ મળી શકે.

૬. ઓનલાઇન પ્રવેશ ફોર્મની તમામ વિગતો ભર્યા બાદ પ્રવેશ ફોર્મ પ્રોસેસિંગ ફી રૂ.૨૦૦/- ઓનલાઇન પ્રક્રિયાથી ભરવાની રહેશે. વિદ્યાર્થીએ પોતાના ડેબિટ કાર્ડ, ક્રેડિટ કાર્ડ કે નેટ બેંકિંગથી પ્રવેશ ફોર્મ અંગે પ્રોસેસિંગ ફી ભરવાની રહેશે. તથા બેંક પાસબુકના પ્રથમ પેજની નકલ લાવવાની રહેશે. પ્રવેશ ફોર્મ પ્રોસેસિંગ ફી કોઇ સંજોગોમાં રીફંડ કરવામાં આવશે નહીં.

૭. પ્રવેશ પત્ર ઓનલાઇન ભરાઇ ગયા બાદ પ્રવેશ ફોર્મની પ્રિન્ટ લેવાની રહેશે. ત્યારબાદ નજીકની કૉલેજનાં યુનિવર્સિટી માન્ય હેલ્પ સેન્ટર પર સવારે ૧૧:૦૦ કલાકથી સાંજના ૫:૦૦ કલાક સુધીમાં જઇને ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભર્યાની પ્રિન્ટ, ઓરિજીનલ માર્કશીટ તથા અન્ય દસ્તાવેજો જેવા કે શાળા છોડયાનું પ્રમાણપત્ર, જાતિનું પ્રમાણપત્ર, નોન ક્રિમિલેયર પ્રમાણપત્ર, વિકલાંગનું પ્રમાણપત્ર, મેડિકલ પ્રમાણપત્ર તથા સળંગ અભ્યાસક્રમમાં એક વર્ષ કરતાં વધુની ગેપ હોય તો જરૂરી એફિડેવિટ વિગેરેની ચકાસણી કરાવી "Verified"નો સ્ટેમ્પ હેલ્પ સેન્ટર દ્વારા વિદ્યાર્થીના પ્રવેશ ફોર્મ ઉપર લગાવવામાં આવશે. તથા હેલ્પ સેન્ટરના કર્મચારીએ સહી કરવાની રહેશે. દરેક વિદ્યાર્થીએ જે તે હેલ્પ સેન્ટર ખાતે ફરજિયાત વેરીફીકેશન કરાવવાનું

રહેશે. વેરીફીકેશન દરમિયાન જરૂર જણાય તો વિદ્યાર્થી કૉલેજની પસંદગીમાં વધારો કરી શકશે. હેલ્પ સેન્ટર (કૉલેજ) દ્વારા વેરીફીકેશન થયા બાદ યુનિવર્સિટી ક્રોસ વેરીફીકેશન પણ જે તે હેલ્પ સેન્ટરે ફરજિયાત કરવાનું રહેશે.

૮. તારીખ ૨૦/૦૪/૨૦૧૮ને સાંજે ૫:૦૦ કલાક બાદ કોઇપણ હેલ્પ સેન્ટર ઉપર પ્રવેશ ફોર્મ તથા ઓરિજનલ દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવશે નહીં. મોડા આવેલા, અધૂરી માહિતીવાળા તથા ફાટેલા ફોર્મની ચકાસણી કોઇપણ હેલ્પ સેન્ટર ઉપર કરવામાં આવશે નહીં. વિદ્યાર્થીઓએ સદર બાબતની ખાસ નોંધ લેવા વિનંતી.

૯. હેલ્પ સેન્ટર દ્વારા વિદ્યાર્થીના દસ્તાવેજોની ચકાસણી પૂર્ણ થયા બાદ પ્રવેશ ફોર્મ ઉપર "Verified"નો સ્ટેમ્પ મારી આપવામાં આવશે. સદર ફોર્મ વિદ્યાર્થીએ મેરીટ પ્રમાણે જે કૉલેજમાં પ્રવેશ મેળવવા જશે તે કૉલેજમાં રજૂ કરવાનું રહેશે. આ સાથે જે કૉલેજમાં પ્રવેશ મેળવતી વખતે તમામ ઓરીજનલ ડોક્યુમેન્ટસ તેમજ સ્વ-પ્રમાણિત નકલ કૉલેજની યુનિવર્સિટી માન્ય ફી ભરીને પ્રવેશ કન્ફર્મ કરાવવો પડશે.

૧૦. જો કોઇ ઉમેદવારના ઓરીજનલ પ્રમાણપત્ર દસ્તાવેજ કે માહિતી કૉલેજ હેલ્પ સેન્ટર ખાતે વેરીફેક્શન દરમિયાન કે યુનિ.માં એનરોલ વખતે ખોટા જણાશે તો આવા ઉમેદવારોનું નામ પ્રવેશયાદીમાંથી રદ કરવામાં આવશે અને ઉમેદવાર દ્વારા ભરવામાં આવેલી ફી જપ્ત કરવામાં આવશે.

૧૧. યુનિવર્સિટી સંલગ્ન દરેક કૉલેજોમાં એન્ટિ રેગીંગ કમિટી કાર્યરત છે. જો કોઇ વિદ્યાર્થી રેગીંગ કરતા જણાશે તો તેને કાયદાનુસાર યોગ્ય સજા કરવામાં આવશે. રેગીંગ કરનાર વિદ્યાર્થી સામે એફ.આર.આઇ. (FRI)પણ દાખલ કરી શકાશે. આ બાબતે પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનારે જે તે કૉલેજમાં રેગીંગ અંગેનું ફોર્મ ભરવું ફરજિયાત છે.

૧૨. બે અથવા વધારે ઉમેદવારના મેરીટ ગુણ એકસરખા થશે તો તેમના ધોરણ-૧૦ (SSC)ના ગુણ ચકાસવામાં આવશે જે વિદ્યાર્થીના ધોરણ-૧૦ના ગુણ વધુ હશે તો તે મેરીટમાં આગળ રહેશે અને જો ધોરણ-૧૦ના ગુણ પણ સરખા રહેશે તો વિદ્યાર્થીની ઉંમર (વય)ને ધ્યાનમાં લેવામાં આવશે જે વિદ્યાર્થીની ઉંમર (વય) વધુ હશે તે મેરીટ યાદીમાં આગળ રહેશે.

૧૩. યુનિવર્સિટી દ્વારા ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા અંગેની મહત્વની સૂચનાઓ વખતો વખત યુનિવર્સિટી વેબસાઇટ પર જાહેર કરવામાં આવશે, જેથી વિદ્યાર્થીઓને સુચીત કરવામાં આવે છે કે તેઓએ યુનિવર્સિટી વેબસાઇટ અવારનવાર જોતા રહેવું.

૧૪. વિદ્યાર્થીને પ્રવેશ પ્રક્રિયા બાબતે કોઇ ફરીયાદ હોય તો નીચેના ઇ-મેઇલ આઇડી ઉપર પોતાનો એપ્લિકેશન ફોર્મ નંબર દર્શાવી અરજી કરવી. ઇ-મેઇલ : **ugadm2018@gmail.com**

# અનામત બેઠકો અંગેની માહિતી

ગુજરાત સરકારશ્રીના નિયમો અનુસાર જુદી જુદી કેટેગરીમાં અનામત બેઠકો અંગેની માહિતી નીચે પ્રમાણે છે. જો વિદ્યાર્થીઓ અનામત બેઠકોનો લાભ મેળવવો હોય તો સક્ષમ અધિકારી પાસેથી મેળવેલ જાતિ અંગેનું પ્રમાણપત્ર અવશ્ય પણે રજૂ કરવાનું રહેશે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ સક્ષમ અધિકારી પાસેથી મેળવેલ જાતિ અંગેનું પ્રમાણપત્ર ઉપરાંત તા.૩૧ માર્ચ, ૨૦૧૮ પછીનું ઉન્નત વર્ગમાં આવતા નથી તે બાબતનું ફ્રેશ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. અન્યથા અનામત બેઠકનો લાભ મળશે નહિ.

| ક્રમ. | કેટેગરી | અનામતની ટકાવારી |
|---|---|---|
| ૧. | એસ.સી. | કુલ બેઠકના ૭% |
| ૨. | એસ.ટી. | કુલ બેઠકના ૧૫% |
| ૩. | એસ.ઇ.બી.સી. | કુલ બેઠકના ૨૭% |

એસ.સી., એસ.ટી. અને એસ.ઇ.બી.સી. કેટેગરીની ખાલી રહેલ બેઠકોને ઓપન કેટેગરીમાં તબદીલ કરવામાં આવશે અને તે ખાલી બેઠકો પર ઓપન કેટેગરીના ઉમેદવારોને મેરીટના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.

ગુજરાત રાજ્ય બહારના એસ.સી./એસ.ટી./એસ.ઇ.બી.સી. વિદ્યાર્થીઓને અનામત બેઠકનો લાભ મળવા પાત્ર નથી. જો તેમણે અનામત બેઠકનો લાભ મેળવવો હોય તો ગુજરાત સરકારનું સક્ષમ અધિકારી પાસેથી મેળવેલ જાતિ અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. ઉપરોક્ત તમામ અનામત બેઠક ઉપર મેરીટના આધારે પ્રવેશ આપવામાં આવશે.

## ⇨ શારીરિક રીતે વિકલાંગ, Other Board (અન્ય બોર્ડ) અને Other State (અન્ય રાજ્ય)ના વિદ્યાર્થીઓ માટેની અનામત બેઠકો અંગે :

૧. શારીરિક રીતે વિકલાંગ ઉમેદવારો માટે કુલ બેઠકના ૩ ટકા બેઠક અનામત રહેશે. (જે તે કેટેગરીમાં સમાવિષ્ટ)
   શારીરિક રીતે વિકલાંગ વિદ્યાર્થી જો અનામત બેઠકોનો લાભ મેળવવા માંગતા હોય તો તેણે સક્ષમ અધિકારી પાસેથી મેળવેલ ૪૦ ટકા કે તેના કરતાં વધુ વિકલાંગતા દર્શાવતું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.
૨. ગુજરાત હાયર સેકન્ડરી બોર્ડ સિવાયના અન્ય બોર્ડના ગુજરાતના વિદ્યાર્થીઓ માટે કુલ બેઠકોના ૫ ટકા બેઠકનો ક્વોટા અનામત રહેશે.
૩. ગુજરાત હાયર સેકન્ડરી બોર્ડ સિવાયના અન્ય બોર્ડના ગુજરાત રાજ્ય બહારના વિદ્યાર્થીઓ માટે કુલ બેઠકના ૧ ટકા બેઠકનો ક્વોટા અનામત રહેશે.
૪. એક્ષ સર્વીસમેનના આશ્રિતો માટે કૉલેજ દીઠ એક સીટ અનામત રહેશે.
૫. કશ્મીરી સ્થળાંતરીત માટે કૉલેજ કોર્ષ/પ્રોગ્રામ દીઠ બે સીટ અનામત રહેશે.

## ⇨ સ્પોર્ટ્સના વિદ્યાર્થીઓ માટેની અનામત બેઠકો અંગે :

૧. રાષ્ટ્રીય કક્ષાએ અથવા રાજ્ય કક્ષાએ શાળાની રમત-ગમતમાં ભાગ લીધો હોય તેવા ખેલાડીઓ માટે વર્ગદીઠ ૩ બેઠકો ફાળવવામાં આવશે.
૨. સ્પોર્ટ્સ ક્વોટા પર પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓને સ્પોર્ટ્સના અલગ કાઉન્સેલીંગ દ્વારા પ્રવેશ આપવામાં આવશે.
૩. સ્વનિર્ભર કૉલેજના આચાર્ય એ સ્પોર્ટ્સ ક્વોટા માટે અરજી કરી હોય અને સ્પાર્ટ્સ ક્વોટા અંગે યુનિવર્સિટીની મંજુરી મેળવેલ હોય તે કૉલેજોને જ સ્પોર્ટ્સ ક્વોટા ફાળવવામાં આવશે.
૪. સ્પોર્ટ્સ ક્વોટાની ડિવિઝન દીઠ ત્રણ બેઠકો ગ્રાન્ટ ઇન એઇડ કૉલેજોમાં યુનિવર્સિટી દ્વારા ડિવિઝન દીઠ નક્કી કરવામાં આવેલ કુલ બેઠકો ઉપરાંતની રહેશે અને સ્વનિર્ભર કૉલેજોમાં યુનિવર્સિટી દ્વારા ડિવિઝન દીઠ નક્કી કરવામાં આવેલ કુલ બેઠકોમાં તેનો સમાવેશ થશે.
૫. સ્પોર્ટ્સ ક્વોટા પર પ્રવેશ ઇચ્છુક વિદ્યાર્થીઓએ જે તે રમતમાં ઓછામાં ઓછું રાજ્યકક્ષાએ પ્રતિનિધિત્વ કરેલું હોવું જરૂરી છે.

**<u>નોંધ:</u>** જે તે કૉલેજમાં ખાલી રહેલ અનામત બેઠકોને સામાન્ય વર્ગની બેઠકોમાં તબદીલ કરવામાં આવશે.

# પ્રવેશ પ્રક્રિયા અંગેનો (કામચલાઉ) કાર્યક્રમ

## (PROVISIONAL) PROGRAMME FOR ADMISSION PROCESS

| | | |
|---|---|---|
| ૧ | પ્રવેશ યોગ્યતા | ધોરણ ૧૨ H.S.C.પરીક્ષામાં ૪૦% કે તેથી વધુ ટકા ધરાવનાર **કોઈ પણ પ્રવાહમાં** પાસ કરનાર વિદ્યાથીઓને પ્રવેશ મળી શકે. |
| ૨ | ઓનલાઇન અરજી કરવાનો સમયગાળો | બી.આર.એસ. માટે તા. ૦૭/૦૬/૨૦૧૮ થી તા. ૨૦/૦૬/૨૦૧૮ દરમિયાન યુનિ.ની વેબસાઇટ www.vnsgu.ac.in પર અરજી કરવાની રહેશે. |
| ૩ | માહિતી પુસ્તિકા અને રજીસ્ટ્રેશન ફી | પ્રવેશ અંગેની માહિતી પુસ્તિકા ઓનલાઇન યુનિ.ની વેબસાઇટ પરથી પીડીએફ ફોરમેટ (સોફ્ટ કોપી)માં મળશે. જયારે પ્રવેશ માટેની પ્રોસેસીંગ ફી ઓનલાઇન નેટ બેંકીંગ અથવા એટીએમ કમ ડેબીટ કાર્ડ કે ક્રેડીટ કાર્ડથી રૂ. ૨૦૦ ભરવાની રહેશે. |
| ૪ | ડોક્યુમેન્ટ વેરીફીકેશન | ઉપરોક્ત અભ્યાસક્રમોમાટે જનરલ કેટેગરી તેમજ અનામત કેટેગરીના પ્રવેશપાત્ર તમામ ઉમેદવારોએ ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભર્યા બાદ હેલ્પ સેન્ટર ખાતે જરૂરી ઓરીજનલ પ્રમાણપત્રોસાથે ફરજિયાત વેરીફીકેશન કરવાનું રહેશે. યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો જેતે અભ્યાસક્રમના હેલ્પ સેન્ટર ધરાવે છે.<br>વેરીફીકેશન તા. ૦૭/૦૬/૨૦૧૮ થી તા.૨૦/૦૬/૨૦૧૮ સુધીમાં કરાવવાનું રહેશે. |

# બી.આર.એસ.ની કુલ બેઠકો અંગેની માહિતી

| ક્રમ | કૉલેજનું નામ | બેઠકો<br>મેરીટ પ્રમાણે |
|---|---|---|
| ૧ | નૂતનગ્રામ વિદ્યાપીઠ થવા, તા.નેત્રંગ, જી.ભરૂચ-૩૯૩૧૩૦<br>**ભાઇઓ અને બહેનો માટે** | ૮૦ |
| ૨ | સમાજ સેવા મહાવિદ્યાલય, મુ.પો.વેડછી, તા.વાલોડ, જિ.તાપી.<br>**ભાઇઓ અને બહેનો માટે** | ૩૫ ભાઈઓ<br>૨૫ બહેનો<br>કુલ-૬૦ |
| ૩ | વન સેવા મહાવિદ્યાલય, મુ.પો.બીલપૂડી, તા.ધરમપુર, જિ.વલસાડ<br>**ભાઇઓ અને બહેનો માટે** | ૬૦ |
| ૪ | મંગલભારતી ગ્રામ વિદ્યાપીઠ, મુ.પો.ગોલાગામડી, બહાદરપુર, તા.સંખેડા, જિ.વડોદરા.**ભાઇઓ અને બહેનો માટે** | ૬૦ |
| ૫ | શ્રી ઈ.ખો.ચાવડા ગ્રામ વિદ્યાપીઠ, મુ.પો.કહાનવાડી, તા.આંકલાવ, જિ.આણંદ. **(ફક્ત ભાઇઓ માટે)** | ૭૦ |
| ૬ | શ્રી નર્મદા ગ્રામ વિદ્યાપીઠ, મુ.પો.માંગરોલ, તા.નાંદોદ, જિ.નર્મદા.<br>**ભાઇઓ અને બહેનો માટે(સ્વનિર્ભર)** | ૬૦ |

# હેલ્પ સેન્ટર ધરાવતી યુનિવર્સિટી સંલગ્ન તમામ
# બી.આર.એસ.કૉલેજોની યાદી

| બી.આર.એસ. કૉલેજોની યાદી (ગ્રાન્ટ-ઈન-એઈડ) | | |
|---|---|---|
| **ક્રમ** | **કોલેજોનું નામ** | **માધ્યમ** |
| **૧.** | નૂતનગ્રામ વિદ્યાપીઠ થવા, તા.નેત્રંગ, જી.ભરૂચ-૩૯૩૧૩૦<br>**ભાઇઓ અને બહેનો માટે** | **ગુજરાતી** |
| **૨.** | સમાજ સેવા મહાવિદ્યાલય, મુ.પો.વેડછી, તા.વાલોડ, જિ.તાપી.<br>**ભાઇઓ અને બહેનો માટે** | **ગુજરાતી** |
| **૩.** | વન સેવા મહાવિદ્યાલય, મુ.પો.બીલપૂડી, તા.ધરમપુર, જિ.વલસાડ<br>**ભાઇઓ અને બહેનો માટે** | **ગુજરાતી** |
| **૪.** | મંગલભારતી ગ્રામ વિદ્યાપીઠ, મુ.પો.ગોલાગામડી, બહાદરપુર, તા.સંખેડા, જિ.વડોદરા.<br>**ભાઇઓ અને બહેનો માટે** | **ગુજરાતી** |
| **૫.** | શ્રી ઈ.ખો.ચાવડા ગ્રામ વિદ્યાપીઠ, મુ.પો.કહાનવાડી, તા.આંકલાવ, જિ.આણંદ.<br>**(ફક્ત ભાઇઓ માટે)** | **ગુજરાતી** |
| **બી.આર.એસ. કૉલેજોની યાદી (સેલ્ફ ફાયનાન્સ)** | | |
| **ક્રમ** | **કોલેજોનું નામ** | **માધ્યમ** |
| **૧.** | શ્રી નર્મદા ગ્રામ વિદ્યાપીઠ, મુ.પો.માંગરોલ, તા.નાદોદ, જિ.નર્મદા.<br>**ભાઇઓ અને બહેનો માટે(સ્વનિર્ભર)** | **ગુજરાતી** |

# યુનિવર્સિટી સંલગ્ન બી.આર.એસ. કોલેજોનું ફીનું માળખુ

# શૈક્ષણિક વર્ષ : ૨૦૧૮-૧૯

| ક્રમ | વિગત | સેમેસ્ટર-૧ | સેમેસ્ટર-૨ | સેમેસ્ટર-૩ | સેમેસ્ટર-૪ | સેમેસ્ટર-૫ | સેમેસ્ટર-૬ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | એડમીશન ફી ૧ ટાઈમ | 100 | 0 | 0 | 0 | 0 | 0 |
| ૨ | ઓળખ પત્ર ૧ ટાઈમ | 50 | 0 | 0 | 0 | 0 | 0 |
| ૩ | સ્ટુડન્ટ એન્ડ ટીચર વેલ્ફેર એક્ટીવીટી ફી | 275 | 275 | 275 | 275 | 275 | 275 |
| ૪ | બુક ઇક્વીપમેન્ટ ફી | 300 | 300 | 300 | 300 | 300 | 300 |
| ૫ | સ્ટુડન્ટ યુનિયન ફી | 100 | 100 | 100 | 100 | 100 | 100 |
| ૬ | એનીમિટીઝ | 300 | 300 | 300 | 300 | 300 | 300 |
| ૭ | કેમ્પસ ડેવલોપમેન્ટ ફી | 100 | 100 | 100 | 100 | 100 | 100 |
| ૮ | ઇન્ટરનલ પરીક્ષા ફી | 125 | 125 | 125 | 125 | 125 | 125 |
| ૯ | એનરોલમેન્ટ ફી ૧ ટાઈમ | 100 | 0 | 0 | 0 | 0 | 0 |
| ૧૦ | એનરોલમેન્ટ ફોર્મ ફી ૧ ટાઈમ | 20 | 0 | 0 | 0 | 0 | 0 |
| ૧૧ | લેબોરેટરી | 1250 | 1250 | 1250 | 1250 | 1250 | 1250 |
| ૧૨ | ગ્રંથાલય ડીપોઝીટ (રીફન્ડેબલ) ૧ ટાઈમ | 200 | 0 | 0 | 0 | 0 | 0 |
| ૧૩ | કોલેજ ડીપોઝીટ (રીફન્ડેબલ) ૧ ટાઈમ | 100 | 0 | 0 | 0 | 0 | 0 |
| ૧૪ | યુનિવર્સિટી ડેવલોપમેન્ટ ફી | 50 | 50 | 50 | 50 | 50 | 50 |
| ૧૫ | યુનિવર્સિટી સ્પોર્ટ્સ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ | 20 | 20 | 20 | 20 | 20 | 20 |
| ૧૬ | યુનિવર્સિટી સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ડેવલોપમેન્ટ ફી | 20 | 20 | 20 | 20 | 20 | 20 |
| | **કુલ** | **3110** | **2540** | **2540** | **2540** | **2540** | **2540** |

**નોંધ :-** છાત્રાલય જીવન ફરજીયાત છે. છાત્રાલય ફી જે તે કોલેજ નક્કી કરશે.

# ફી પરત અંગેના નિયમો

શૈ.વર્ષ: ૨૦૧૮-૧૯ના પ્રથમ વર્ષ બી.આર.એસ.ની ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થીએ પસંદગીની કોઇ કૉલેજમાં પ્રવેશ મેળવ્યા બાદ જો મેરીટ મુજબ પસંદગીની અન્ય કૉલેજમાં પ્રવેશ મેળવે અને મૂળ કૉલેજમાંથી પ્રવેશ રદ કરાવે તો પૂરેપુરી ભરેલી સત્ર ફી તેમજ ઓરીજનલ ડોક્યુમેન્ટસ કૉલેજે પરત કરવાના રહેશે.

પરંતુ જો કોઇ વિદ્યાર્થી પ્રવેશ રદ કરાવે તો ફી પરત અંગેના નીચે મુજબના નિયમો લાગુ પડશે.

# REFUND OF FEES

If a student after securing admission according to the merit list wishes to join another college selected by him, then he can cancel his admission in the original college and the full fees paid by him will be refunded along with original documents.

But if a student cancels his admission, the following rules will be applicable.

# Ordinance: 129 (Amended)

If a student chooses to withdraw from the program of study in which he / she is enrolled, the Institution concerned shall follow the following system for refund of fees.

| Sr. No. | Percentage of Refund of Aggregate Fees | Point of time when notice of withdrawal of admission is served by the student |
|---|---|---|
| 1. | 90% | Before the formally-notified last date of admission. |
| 2. | 80% | Not more than 5 days after the formally-notified last date of admission. |
| 3. | 50% | More than 5 days but less than 30 days after formally-notified last date of admission. |
| 4. | 0% | More than 30 days after formally-notified last date of admission. |

(1) Refund of aggregate fees is inclusive of course fees and non-tution fees but exclusive of caution money and security deposit.

(2) Fees shall be refunded to an eligible student within fifteen days from the date of receiving written application from him/her.

# હેલ્પ સેન્ટર ધરાવતી યુનિવર્સિટી સંલગ્ન તમામ બી.આર.એસ.કૉલેજોની યાદી

| બી.આર.એસ. કૉલેજોની યાદી (ગ્રાન્ટ-ઈન-એઈડ) | |
|---|---|
| **ક્રમ** | **કોલેજનું નામ તથા સ્થળ** |
| ૧. | **નૂતનગ્રામ વિદ્યાપીઠ થવા, મુ.પો. થવા, તા.નેત્રંગ, જી.ભરૂચ-૩૯૩૧૩૦**<br>→અંકલેશ્વરથી ૫૨ કિ.મી.→નેત્રંગથી ૧૨ કિ.મી.→માંડવીથી ૪૫ કિ.મી.<br>Email : ngthava@gmail.com Prin.Email : dineshngv@gmail.com URL : www.gnkmthava@gmail.com |
| ૨. | **સમાજ સેવા મહાવિદ્યાલય, મુ.પો.વેડછી, તા.વાલોડ, જિ.તાપી.**<br>→સુરતથી ૫૫ કિ.મી. → બારડોલી થી ૧૮ કિ.મી. →વ્યારા થી ૧૬ કિ.મી. →વાલોડ થી ૧.૫ કિ.મી.<br>→મઢી થી ૧૫ કિ.મી.<br>Email : brscollegevedchhi@gmail.com , Prin.Email : solankinj1963@gmail.com |
| ૩. | **વન સેવા મહાવિદ્યાલય, મુ.પો.બીલપૂડી, તા.ધરમપુર, જિ.વલસાડ**<br>→ધરમપુરથી બીલપુડી ૫ કિલોમીટર દૂર ધામણી રોડ પર આવેલ છે.<br>Email : brsbilpudi@gmail.com Prin.Email : jayantibrs@gmail.com |
| ૪. | **મંગલભારતી ગ્રામ વિદ્યાપીઠ, મુ.પો.ગોલાગામડી, બહાદરપુર, તા.સંખેડા, જિ.વડોદરા.**<br>→વડોદરા થી ૫૦ કિ.મી. વડોદરા છોટાઉદેપુર હાઈવે ઉપર ૧૩૮ એકરનાં વિશાળ કેમ્પસમાં આવેલ છે.<br>Email : mangalbhartivdr@gmail.com , kvkvdr@gmail.com |
| ૫. | **શ્રી ઈ.ખો.ચાવડા ગ્રામ વિદ્યાપીઠ, મુ.પો.કહાનવાડી, તા.આંકલાવ, જિ.આણંદ. (ફક્ત ભાઇઓ માટે)**<br>→વાસદ, આસોદર અને આંકલાવથી વાહનો મળે છે.<br>Email : brscollege.kahanwadi@gmail.com Prin. Email : arparmar1900@gmail.com |
| **બી.આર.એસ. કૉલેજોની યાદી (સેલ્ફ ફાયનાન્સ)** | |
| **ક્રમ** | **કોલેજનું નામ તથા સ્થળ** |
| ૧. | શ્રી નર્મદા ગ્રામ વિદ્યાપીઠ, મુ.પો.માંગરોલ, તા.નાદોદ, જિ.નર્મદા.<br>**(સ્વનિર્ભર)**<br>→રાજપીપળા થી ૧૫ કિલોમીટરએ માંગરોલમાંઆવેલ છે.<br>Email : narmadabrs@yahoo.in URL : www.narmadaeducation.com |